Chapter. 5

પ્રકરણ - પાંચમું

પ્ર ક ર ણ : ૫

આમ, આપણે છેક પ્લેટોથી માંડીને અત્યારસુધીના મહત્ત્વના મીમાંસકોની વિચારણા દ્વારા રૂપરચનાની વિભાવનાની ઉત્ક્રાંતિ કેવી રીતે શક્ય બની છે તે જોયું. આપણી પાસે સંસ્કૃત અલંકારશાસ્ત્રનો સમૃદ્ધ વારસો હોવા છતાં આપણે ત્યાં "રૂપરચના"ની ચર્ચા પશ્ચિમમાંથી જ વધુ આવી એ સુવિદિત છે. વાસ્તવમાં તો આપણે સંસ્કૃતમીમાંસાનું આમૂલ પરીક્ષણ કર્યાં પછી જે એમાં ક્ષતિઓ જણાય તો એનું નિરાકરણ કરતા જઇ પાશ્ચાત્યમીમાંસા સાથે તેનો સમન્વય સાધવાનો હોય. "રૂપરચના" અને "વર્ણ્ય વિષય", "આકાર" અને વિષયવસ્તુ", "આકૃતિ" અને અંતસ્તત્ત્વ", "રૂપરચના અને સંભાર", "ઘાટ", "કલાદેહ" જેવી સંજ્ઞાઓ દ્વારા પ્રવર્તતી અરાજકતાને સીધા વિભાગો પાડીને ચર્ચવાનું ટાળ્યું છે. તેના બદલે "રૂપરચના"ના સૌન્દર્યશાસ્ત્રીય વિભાવનો જ અહીં તેના પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ સહિત ખ્યાલ આપવાનો આગ્રહ રાખ્યો છે. એ રીતે સંજ્ઞાબાહુલ્યના અપ્રસ્તુત વિવાદથી અળગા રહેવાનું જ ઉચિત લેખ્યું છે.

આપણે ગુજરાતી વિવેચનનો પટ તપાસ્યો. છેક ગાંધીયુગ સુધી ગુજરાતી વિવેચનામાં કેટલીય ધારાઓ પ્રવર્તતી જણાય છે. ઐતિહાસિક, નીતિવાદી-જીવનદર્શનાત્મક, ચરિત્રમૂલક વિવેચના, આદર્શવાદ કે ભાવનાવાદનું વર્ચસ્ એક યા બીજા રૂપે સ્થપાતું જોઇએ છીએ. જેમાં સ્વયં કૃતિનું સ્થાન ગૌણ રહ્યું છે. આપણી વિવેચનાએ ત્યારે એરિસ્ટોટલ, કોલરિજની ચર્ચા છેડી પણ તેના મૂળગામી અંશોને આત્મસાત્ ન કરી શક્યા. પછી કાન્ટની વિચારણા સુધી જવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત ન થયો. પરિણામે કળાકૃતિની

અખંડતા કે સ્વાયત્તતા સુધી પહોંચી ન શકાયું. વિવેચનની પાયાની ગૃહીતોની સતત ફેરતપાસ થતી રહી હોત તો સર્જન-વિવેચન ઉભય ક્ષેત્રે એ પરિવર્તનકારી પુરવાર થાત અને "વિવેચનના અભાવે કાવ્ય-ક્ષેત્રમાં પુષ્કળ ઘાસ ઉગે છે અને બિચારા ઘાસને હું ઘાસ છું એટલું ભાન થવું પણ અશક્ય રહે છે".[1] એવી ફરિયાદ કરવાનો અવસર ઊભો ન થાત.

આપણે જ્યારે કૃતિમાં "રૂપરચના" એમ કહીએ છીએ ત્યારે શાની વાત કરીએ છીએ? "રૂપરચના" દ્વારા આપણે શાની તપાસ કરીએ છીએ?

કૃતિમાં ઘટકોની? કૃતિના ઘટકોના પરસ્પર સંશ્લેષની? કૃતિની રચનારીતિની? તેની ભાષાની? સંભાર અને રૂપરચનાની ભિન્નતાની? સંભારમાંથી નિષ્પન્ન થતી રૂપરચનાની? સંભાર અને રચનારીતિનું સંયોજન એટલે રૂપરચના? રૂપરચના એટલે કૃતિ અંતર્ગત સૃષ્ટિ હોય તો ~~રૂપરચનાના સંદર્ભે કૃતિમાં અંતર્ગત સૃષ્ટિ હોય તો~~ રૂપરચનાના સંદર્ભે કૃતિમાં અંતર્ગતસૃષ્ટિ અને બહિર્ગત સૃષ્ટિ જેવું કશું હોઇ શકે? કૃતિમાંના એકાંગી ઘટકનું સૌંદર્ય પ્રકટે તો એને શું કહીશું? રૂપરચના એટલે માત્ર શબ્દો દ્વારા રચાતો ગૂંફ કે એનો સમગ્ર સંદર્ભ ખરો? રૂપરચનાવાદ કૃતિપરક હોવાથી તે માનવતાવાદી કે અ-માનવતાવાદી ? રૂપાંતરની પ્રક્રિયા એટલે રૂપરચના? માધ્યમની સભાનતા એટલે રૂપરચના? ભાવના પરિપોષની પ્રક્રિયા એટલે રૂપ-રચના? પ્રસ્તુતનું નિગરણ કરી અપ્રસ્તુતની સ્થાપના એટલે રૂપરચના? કૃતિનું સ્વાયત્ત એકમ એટલે રૂપરચના? વાસ્તવિકતાની અનુપસ્થિતિમાં રૂપરચના પ્રકટે?

અને આમ આ વિભાવના વિષે પ્રવર્તતી સમજની યાદી

ગ્રહી લેવાતી જાય છતાં વાસ્તવમાં "રૂપરચના"એટલે શું તે ભાગ્યેજ સ્પષ્ટ બને. આપણે આગળી મૂકીને દર્શાવી શકીએ અથવા તો તેની પ્રચલિત સમજમાંથી તારણ કાઢી આપીએ એવું આ કે અન્ય કોઈ વિભાવનાના સંદર્ભે ભાગ્યે જ શક્ય બને.

આપણે જ્યારે આ પ્રકારની પ્રશ્નશૃંખલા ઊભી થતી જોઈએ છીએ ત્યારે એક વધુ પ્રશ્ન એમાંથી એ ઉદ્દભવે છે કે આપણે જ્યારે સર્જનાત્મક કૃતિ પાસે જઈએ છીએ ત્યારે ત્યાં કયા પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તે? કૃતિને સર્જનાર એનો સર્જક, કૃતિનો આસ્વાદ લેનાર એનો ભાવક, કૃતિમાં આલેખાયેલ વિશ્વ અને કૃતિ સ્વયં - આ ચારની ઉપસ્થિતિ તો કોઈપણ કૃતિના પરિશીલનવેળા ત્યાં રહેવાની જ. સહૃદય ભાવક આ ચારમાંથી કયા તત્ત્વનો મુખ્યત્વે અંગીકાર કરે છે તેના પરથી જ એના અભિગમની માંડણી થઈ શકે. આપણે જાણીએ છીએ કે રૂપરચનાવાદી ધારા કૃતિનું આલેખન કરનાર સર્જક, સર્જકની ચેતના, તેના અંગત ભાવો-પ્રતિભાવો, કૃતિસર્જનનો તેનો આશય, તેનામાં રહેલી સર્જનક્ષમતા સૌને કૃતિના મૂલ્યાંકનમાં સાવ અવગણે છે. તે જ રીતે ભાવકની ચેતના પર પડતી એ કૃતિની પ્રભાવકતા, કૃતિ દ્વારા ભાવકના ચિત્તમાં આવતા પરિવર્તનો વગેરેનો પણ રૂપ-રચનાવાદ છેદ ઉડાડે છે. આ બંને પ્રકારની પરિસ્થિતિને તેઓ આશયમૂલક ભ્રાન્તિ અને પ્રભાવમૂલક ભ્રાન્તિ કહીને વખોડે છે તે આપણે જોયું છે. તદુપરાંત કૃતિમાં સ્થાન પામતું વિશ્વ કયા પ્રકારનું છે, તેનો બહિરવિશ્વ સાથેનો સંબંધ કયા પ્રકારનો છે, એનું લક્ષ્ય શું છે, આ કે તે એવો વિવાદ પણ રૂપરચનાવાદી વિવેચકો ટાળવા માગે છે. તેથી તેઓ એ વિશ્વને પણ આવકારતા નથી. તો હવે અવશેષમાં રહે છે કૃતિ. આ "કૃતિ" તેના સમગ્ર-સંકુલ વિશ્વ સહિત તેના તપાસ-

ક્ષેત્રમાં પ્રવેશે છે. અને કેવળ એ કૃતિમાં જે કોઇ પ્રક્રિયા સિધ્ધ થાય છે એ પ્રક્રિયાને જ તેના સમગ્ર સંદર્ભસમેત અવલોકવાનુંતેમનું ધ્યેય રહ્યું છે. આથી, રૂપરચનાવાદી અભિગમ સર્જકગત કે ભાવકગત ન બનતાં કૃતિગત બને છે એ આમ સ્પષ્ટપણે જોઇ શકાય છે.

આ રીતે સિધ્ધ થતી કૃતિને કૃતિરૂપે સિધ્ધ કરનાર કોઇ વિષય, વસ્તુ, ઘટક, સંભાર વગેરે જેવું તત્ત્વ એમાં સમાયું હોય તો એ બંને વચ્ચેનો સંબંધ ક્યા પ્રકારનો હોઇ શકે તે જોવું રહ્યું. વિષય-વસ્તુ, ઘટક, ઘટના, સામગ્રી વગેરેને અહીં "સંભાર"થી જ ઓળખતા આવ્યા છીએ. એ રીતે સંભારરૂપે કોઇ ઘટના, પ્રસંગ, પરિસ્થિતિ, ઊર્મિ, લાગણી, વિચાર, આવેગ જેવું કોઇ તત્ત્વ હોય છે. અને એનું આલંબન આપણું માનવજીવન છે. આ માનવજીવનની ભોંયને કોઇ અવગણી શકે નહિ. પરંતુ એનો કૃતિમાં પ્રવેશ જે રીતે થાય છે તે અને તેનું રૂપ કેવું બંધાય છે તે મહત્ત્વનું છે. જ્યારે તે કૃતિમાં પ્રવેશે છે ત્યારે તે કૃતિનું વાસ્તવ બને છે, જે આપણા બાહ્ય જગતના પરિચિત વાસ્તવનો જ અંશ હોવા છતાં તેના પર સર્જકની પ્રતિભાના બળે સંસ્કરણ થતું રહે છે અને તેને સાહિત્યમાત્રના એકમેવ અને અનિવાર્ય માધ્યમ ભાષા દવારા પાસ બેસતો જાય છે, તે આપણે જાણીએ છીએ. હવે આ માધ્યમને દરેક સર્જક પોતાની આગવી રીતે પ્રયોજતો હોય છે. તેણે આપણા વ્યવહારમાં રગદોળાયેલી ભાષાના રૂઢ, ચલણી સંકેતોનું સંસ્કરણ કરતાં કરતાં તેનું પુનર્વિધાન કરવાનું હોવાથી કૃતિની રચનામાં તેના જે તે માધ્યમની અનિવાર્યતા ખાસ સ્વીકારાઇ છે. એના દવારા જ એના સંભારનું રૂપાંતર થતું જાય છે અને આ બંને દવારા રૂપરચના પોતાનું સૌંદર્ય પ્રકટાવે છે. એના માટે સર્જક શક્ય એટલા ઉપલબ્ધ તરીકાઓને અજમાવે છે,

ચકાસે છે, તેને ગાળે-ચાળે છે, એની સર્જનપ્રક્રિયા માટે અનિવાર્ય કેડી એ પોતે શોધી લેતો હોય છે. આના માટે એની પાસે કોઇ નિશ્ચિત પધ્ધતિ હોતી નથી, કે ચિરપરિચિત સૃષ્ટિ જ તેમાં પ્રવેશે એવું પણ બનતું નથી. સર્જકે પોતાના અક્ષાંશ-રેખાંશ શોધીને મૂળ ભાવ કે સંભારનું રૂપાંતર કરતી વખતે તેને સમર્પક નીવડે એટલાં અનિવાર્ય તત્ત્વોને સ્વીકારીને બાકીનાનો પરિહાર કરવો જોઇએ અને આ તત્ત્વોનો એકમેક સાથેનો અવિનાભાવી, અંગાંગી સંબંધ સ્થાપવો પડે. એને માટે ઉપર નોંધ્યું છે તેમ, તે જુદી જુદી રચનાપ્રયુક્તિઓનો આશ્રય લઇ શકે, એ દ્વારા રચાતા સંશ્લેષમાં ક્યાંય કોઇ પોલાણ જણાવું ન જોઇએ. એની સંગતિ અને સુગ્રથિતતા દ્વારા રચાતી સમગ્ર સૃષ્ટિમાંથી સજીવતા પ્રકટે તો જ એ "કૃતિ" રૂપે અવબોધ કરાવી શકે. તેમાં કોઇ ઉચ્ચાવચતાનો ક્રમ હોતો નથી. આ પ્રકારના હાનોપાદાનના વિવેક દ્વારા સ્થપાતા ઘટકોના મજ્જાગત સંબંધમાંથી કૃતિની રૂપરચના પ્રકટે છે.

સંસ્કૃત પરિભાષાની રીતે જોઇએ તો અહીં કોઇ "ભાવ" પૃથક્રૂપે મળતો નથી, પરંતુ રસની કોટિએ તેના નિર્વહણની જે પ્રક્રિયા મળે છે તે જ રૂપાંતરે કૃતિ બને છે. જેમાં આપણું પરિચિત વાસ્તવ કે તેનું તથ્ય યથાવત્ કેવી રીતે રહી શકે? સર્જકની ચેતના અને પ્રતિભાનાં — પ્રેરણા નહીં — તેના પર સતત સંસ્કાર થયા કરે છે અને એ જ કૃતિના સત્યરૂપે પ્રકટી આવે છે જેનું મૂલ્ય અને સ્થાન બને એ રૂપાંતરની પ્રક્રિયા દ્વારા સર્જાતા વિશ્વ અંતર્ગત છે, બીજે ક્યાંય નહિ. બીજી રીતે કહીએ તો પ્રસ્તુત હતું તેનું નિગરણ થયું અને તેનું નવું રૂપ આવિર્ભાવ પામ્યું. આ સંદર્ભમાં જ બર્નાર્ડ બોઝાંકે કહે છે તેમ, વ્યવહારમાં આપણે લાગણી ભોગવી શકીએ

પણ કાવ્યમાં તો લાગણીનું રૂપ જ આસ્વાદી શકાય. આવાં રૂપને આત્મસાત્ કરવા માટે અન્ય કશાનું ઓઠું લેવાનું પરવડે જ નહીં, તે સ્વતંત્ર, સ્વાયત્ત, સ્વયંપર્યાપ્ત એકમરૂપે અસ્તિત્વ ધરાવતું હોય છે.

આપણે જોયું છે તે રીતે, આ "રૂપરચના" અને "સંભાર" બંનેના દ્વૈતનો કેટલીકવાર પુરસ્કાર થયો છે તો કેટલાક વિવેચકો આ બંનેના અદ્વૈતનો જ સ્વીકાર કરે છે તો વળી કેટલાક વિચારકો સંભારને બદલે કેવળ રૂપરચનાનો જ મહિમા સ્થાપે છે. વાસ્તવમાં કૃતિમાંના સંભારનું રૂપાંતર કેવી રીતે સિધ્ધ થાય છે એ જ મહત્ત્વનું છે. તેનો સાવ છેદ ન ઉડાડી શકાય. તેનો કેવળ ઉપચય નહીં પણ તેની પ્રક્રિયા કેવી રીતે થાય છે તે જોવું રહ્યું. એ. સી. બ્રેડલી, હેરોલ્ડ ઓસ્બોર્ન, અભિનવગુપ્ત વગેરેએ આનું સમુચિત સમર્થન કર્યું જ છે. એના માટે "તાટસ્થ્યપૂર્વકનું તાદાત્મ્ય" કેળવાય તો આ પ્રકારની દ્વિધાનો ઉદ્ભવ ન થાય એવું તેમાંથી ફલિત થાય છે. પછી રૂપરચના કૃતિ અંતર્ગત કે કૃતિ બાહ્ય છે એવા વર્ગીકરણને અવકાશ રહેતો નથી. સંભારમાં રૂપરચનાનાં તત્ત્વો હોઇ શકે પણ જ્યારે કૃતિને તપાસીએ છીએ ત્યારે આ બંનેમાંથી એકપણ તત્ત્વ યાંત્રિક ન બની રહેવું જોઇએ. કૃતિના વિષય અથવા સંભારનું કૃતિની બહાર કોઇ અસ્તિત્વ હોતું નથી તેવી રીતે જેમ જેમ કૃતિ રચાતી જાય, તેમ તેમ તેના સંભારની ઉત્ક્રાન્તિ થતી જાય અને રચનારીતિ વડે તેનું સંવર્ધન થતું રહે તે પ્રમાણે રૂપ-રચના પણ પ્રકટ થતી આવે. આ ઉત્ક્રાન્તિની તપાસ પણ એટલી જ મહત્ત્વની બને છે. કેમ કે રૂપરચના જ સંભારનું રૂપાંતર કરે છે. આથી સંભાર દ્વારા રૂપરચના સુધી પહોંચી શકાય. આમ રૂપ-

રચના અને સંભાર વચ્ચે વિરોધ કે ભિન્નતા જોઈ શકાય નહિ. આ બંનેની એકાત્મકતા જ સ્પૃહણીય બને.

કૃતિનું વાસ્તવ પણ એ રીતે જ નિર્માય છે. જીવનની વાસ્તવિકતા અને કૃતિની વાસ્તવિકતા વચ્ચેનો ભેદ આ પ્રકારે કળી શકાશે. વ્યવહારમાં થતા અનુભવ અને રસાનુભવ વચ્ચેની વ્યાવર્તકતા રૂપરચના દ્વારા જ પામી શકાય, અન્યથા નહિ. રોબર્ટ પેન વોરેને સૂચવ્યું છે તે રીતે આ પ્રકારની પૃથક્તાને આપણે ઘટકતત્ત્વોના સંશ્લેષ દ્વારા પામીએ, એના કરતાં કૃતિ અંતર્ગત રચાતા સંઘર્ષના જુદા જુદા સ્તરો વડે પણ પામી શકીએ. કૃતિમાં પ્રયોજાતા વિવિધ વિચારો–ભાવો વચ્ચેની ભૂમિકા વચ્ચે કૃતિમાં ઉપાદાનરૂપે પ્રયોજાતા શબ્દોના પરંપરિત કોશગત અર્થો અને કૃતિના સંદર્ભ દ્વારા એ શબ્દોના નિર્માતા જતા અર્થો વચ્ચે, તેમાંની મૂર્ત–અમૂર્ત સૃષ્ટિ વચ્ચેના સંઘર્ષને લીધે આપણે આ વાસ્તવની જુદી–જુદી રેખાઓ અંકાતી જોઈ શકીએ છીએ. પરિણામે વ્યવહાર–જગત અને સર્જનાત્મક જગત, વ્યવહારાનુભવ અને સાહિત્યાનુભવ, જીવનનાં મૂલ્યો અને કૃતિના મૂલ્યોની ભિન્નતાને આ રીતે "રૂપરચના" દ્વારા જ અવલોકી શકીએ. આનો અર્થ એ થયો કે પરિચિત વાસ્તવની પ્રતિકૃતિ તેમાં જોવા મળતી નથી એ રીતે સર્જક અનુકરણ કરી શકે નહીં. એનું અનુકરણ નહિ પણ પુનર્નિર્માણ થવું જોઈએ.

પ્રત્યેક લલિતકળાનું જુદું માધ્યમ છે. એ રીતે સાહિત્યકૃતિનું માધ્યમ ભાષા છે, જે આપણો સામાજિક વારસો છે. એનો ઉપયોગ સાહિત્યકૃતિમાં થાય છે ત્યારે સર્જકે એનું પણ પુનર્વિધાન કરવાનું છે તે આપણે જોયું. આ ભાષાના પ્રશ્નને પણ "રૂપરચના" ને પામનારે

સાથોસાથ તપાસવો પડે છે. એનો અર્થ એવો થતો નથી કે એ ભાષાના શબ્દોનો ગૂંફ એટલે ૩પરચના. શબ્દોના ગૂંફને કૃતિના ઘટકો વચ્ચેના સંશ્લેષ દવારા રચાતા સંદર્ભની અનુપસ્થિતિમાં તપાસીએ તો કદાચ એવું વિશ્લેષણ એકાંગી બની રહે. ~~છે, તો જ જીવનની સંકુલતા અને તેના વિવિધ પરિમાણોમાંથી પ્રકટતા કૃતિના ૩પને પામી શકા~~ય.

આમ, "૩પરચના"ની વિભાવનાની ઉપપત્તિઓ આપણે આ રીતે તારવી શકીએ :

કૃતિ સ્વયંપર્યાપ્ત, સ્વાયત્ત એકમ છે.

કૃતિમાં તેની ઘટકોનો અંગાંગીભાવે સંશ્લેષ રચાય છે.

કૃતિમાં ઘટકોની સાભિપ્રાયતા દવારા સંવાદિતા અને સંગતિ પ્રકટે છે.

કૃતિમાં સંભાર અને ૩પરચનાનું અદવૈત રચાય છે.

કૃતિમાં સંદર્ભ મહત્ત્વનો છે. કૃતિના ઘટકોની સંઘટના અને સંદર્ભને પૃથક્૩પે જોઈએ તો તેની અખંડતાનો અનુભવ ન થાય.

કૃતિમાં રચાતા તેના સંદર્ભગત વાસ્તવ દવારા જ રસાનુભવ શક્ય બને છે.

કૃતિ તેના સર્જકના આશયથી, તેના જીવનથી મુક્ત રહેવી જોઈએ.

કૃતિ આપણા જગતની વાસ્તવિકતાનું ૩પાંતર કરે છે, માધ્યમના પુનર્વિધાન દવારા. આથી સર્જક અનુકરણ કરે છે એ સિધ્ધાંત અસ્વીકાર્ય બને છે.

સર્જક અને ભાવકથી નિરપેક્ષપણે કેવળ કૃતિગત તપાસ માટે "૩પરચનાવાદ"માં વસ્તુલક્ષી ધોરણોનો આગ્રહ રખાયો છે.

આપણે જાણીએ છીએ તેમ રૂપરચનાવાદમાં માધ્યમ દ્વારા સિધ્ધ થતું નિર્બંધન હોય છે. આ માધ્યમની શક્યતાઓને ચકાસવાને નિમિત્તે તેની ભાષાની તપાસ થતી હોય છે. એમાંથી આપણને કૃતિની "રૂપરચના" (Form) અને સંરચના (Structure) ની વિભાવના મળી છે.

"રૂપરચનાવાદ"માં ભાષાની સાથોસાથ તેના કૃતિગત સંદર્ભને મહત્ત્વ અપાયું. પરિણામે આપણા જીવનનાં મૂલ્યોને જુદી જુદી રીતે આકલિત કરવામાં આવ્યાં. કૃતિનો સર્વાંગી અભ્યાસ એ રીતે શક્ય બને છે. જ્યારે "સંરચનાવાદ" આત્યંતિકરૂપે વસ્તુ-લક્ષિતાને સ્વીકારે છે તેથી ત્યાં ઘટકોની અન્વીતિ કે સંવાહિ-તાને બદલે કેવળ ભાષાના રચનાતંત્રને જ તપાસવામાં આવ્યું છે. પરિણામે, કૃતિનો સર્વાંગી વિચાર થઇ શકતો નથી. "રૂપ-રચનાવાદ"માં કૃતિના સંદર્ભ દ્વારા પ્રકટતી વ્યંજનાને અનુભવી શકાય છે. ત્યાં કૃતિનું અર્થઘટન કે મૂલ્યાંકન થતું હોય છે. સંરચનાવાદે ભાષાવૈજ્ઞાનિક અભિગમ સ્વીકારીને કૃતિનું પૃથક્કરણ આપ્યું. "સંરચનાવાદ"ની આવી વિચારણા ક્લીન્થ બ્રુક્સે આપેલ "સંરચના"ની વિભાવના કરતાં ભિન્ન કોટિની રહી છે. સંરચના-વાદની ભૂમિકા જોતાં પ્રશ્ન થાય કે કૃતિના પૃથક્કરણ દ્વારા એની અખંડતાનો ભાવબોધ થાય છે ખરો? કૃતિમાં સંરચના ઉપરાંત મૂલ્યોની અભિવ્યક્તિ હોય છે તેનું શું? આથી, સાહિત્યવિવેચન સંપૂર્ણપણે વસ્તુલક્ષી ભાગ્યે જ બની શકે. ભાષાવૈજ્ઞાનિક માળખું જ્યાં ઊણું ઉતરે છે ત્યાંથી સાહિત્યવિવેચનનું પ્રારંભબિંદુ શરૂ થાય છે.

રોમન ઇન્ગાર્ડન[૨] કૃતિના મૂલ્યાંકન માટે કૃતિની શબ્દગત, અર્થગત, કલ્પન-પ્રતીક જેવી રચનારીતિગત, સંસ્કૃતિગત અને

દાર્શનિક-તાત્ત્વિક એવા જુદા જુદા સ્તરોએ તપાસ કરવાનું સૂચવે છે, તેનું આ સંદર્ભે સ્મરણ થાય છે.

કેવળ વસ્તુલક્ષિતાનો આગ્રહ રાખી વિવેચનને શાસ્ત્ર બનાવવા જતા સાહિત્યેતર ધોરણોનો આશ્રય લીધાના અનેક દૃષ્ટાંતો મળે છે. માનવવિદ્યાની કોઇપણ શાખાને આપણે આવકારી શકીએ પણ તેનું તાત્ત્વિક અન્વેષણ કર્યા પછી એ કેટલે અંશે ઉપકારક નીવડશે તે પણ વિચારવું પડે. કૃતિને માટે કયો અભિગમ સાચો અને કયો ખોટો એવી ગણતરીમાં પડયા વિના કયો અભિગમ કૃતિને સૌથી વધારે ન્યાય આપી શકે તે આપણું લક્ષ્ય બનવું જોઇએ.

આપણે અગાઉ જોયું તે રીતે, રૂપરચનાવાદનો પ્રતિવાદ કરનાર અનુ-આધુનિક સંરચનાવાદ છેક અંતિમે જઇને કૃતિની સંરચના તપાસી, તેના વિઘટનનો વિભાવ આપીને સાહિત્યકૃતિને અર્થઘટનની પકડમાંથી મુક્ત કરવાનો ઇજારો લીધો હોય એમ પોતાના વિચારોની સ્થાપના કરી. અભિનવ એરિસ્ટોટલ-વાદીઓએ રૂપરચનાવાદની પધ્ધતિને અનિચ્છનીય વળગણરૂપે જોઇ પ્રકારલક્ષિતાનો આશરો લીધો. જ્યોફ્રે હાર્ટમેન, જ્યોર્જ પુલે જેવા વિવેચકો રૂપરચનાવાદનો વિરોધ કરવા છતાં ક્યાંક અસંપ્રજ્ઞાતપણે "રૂપરચના"નો પુરસ્કાર કરતા જણાય છે, તે પણ નોંધવું જોઇએ.

આજે Plaurality ની વાતો થાય છે ત્યારે આવા વિવિધ અભિગમો દ્વારા કોઇક ~~કોઇક~~ શુધ્ધ રસલક્ષી ભૂમિકા પ્રાપ્ત થાય છે ખરી? આ Plaurality માંના અનેક અભિગમો એકમેકને પૂરક-પોષક નીવડવાને બદલે એકપ્રકારની વિસંગતિ અને અરાજકતા ફેલાવે છે. એક દ્વારા બીજી પધ્ધતિનો છેદ ઉડાડતી

આ વિચારણાઓ ભાગ્યે જ સાહિત્યને અનુલક્ષતી રહી છે. આ બધાં ધોરણોનું પરિણામ શું આવ્યું ? અંગ્રેજીમાં કહેવત છે એ પ્રમાણે બાથટબના પાણીની સાથે બેબીને પણ ઉંચકીને ફેંકી દઈએ તો શો હાલ થાય? આ જ વાતને કૃતિના મૂલ્યાંકનના સંદર્ભે પ્રયોજી શકાય.

આજે હવે ફરીથી Demise of Post-Structuralism ની વાતો શરૂ થઈ ગઈ છે ત્યારે વળી પાછો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે કૃતિને કેવી રીતે પામીશું? સાહિત્યને પામવાનાં ધોરણો કયાં? જે કૃતિઅભિમુખ રાખે તે કે કૃતિ વિમુખ બનાવી દે તે ?

જ્ઞાનવિજ્ઞાનની શાખાઓમાં અને સર્જનક્ષેત્રે જ્યારે વિશિષ્ટરૂપે પરંપરાભિમુખ બનવાનું આજનું વલણ કેળવાતું રહ્યું છે ત્યારે આચાર્ય ભરતમુનિ અને એરિસ્ટોટલના જેટલા જ પ્રાચીન "રૂપરચનાવાદ" પ્રતિ આપણે ફરીથી પ્રયાણ નહીં કરીએ ?

પ્રકરણ ૫ : સંદર્ભટીપ

૧. સાહિત્યવિચાર – આનંદશંકર ધ્રુવ – ૬૪

૨. પ્રિન્સ્ટન એન્સાયક્લોપીડિયા ઓફ પોએટ્રી એન્ડ પોયેટિક્સ – ૯૬૩.

Smt. HANSA MEHTA LIBRARY • THE M. S. UNIVERSITY OF BARODA •